**ફોજદારી કેસ નંબર : ૫૩૫૨/૨૦૧૬**

**__// આંક–૧ લગત હુકમ //__**

(૧) આ કામે આરોપી સામે ફરિયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ તારીખ ૦૧/૦૪/૨૦૧૫ ના ૧૦:૦૦ વાગ્યાની આસપાસ તેઓનું સરખેજ હાઈવે પર હોન્ડા ઈટર્નો સ્કુટર નંબર જી.જે.૦૧.ઈસી.૮૯૫૦ ચોરી કોઈ અજાણ્યા ઈસમો કરેલ હોવાની ફરિયાદી ફરીયાદ સરખેજ પોલીસ સ્ટેશન માં ફરિયાદ આપતાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર ૪૦/૨૦૧૫ થી ગુન્હો દાખલ કરવામાં આવેલ અને સદરહુ ગુન્હાની તપાસમાં તપાસ કરનાર અધિકારી દ્વારા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ અને દસ્તાવેજી પુરાવાઓ એકત્ર કરી તપાસના અંતે હાલના આરોપી સામે પુરતા પુરાવા મળી આવતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબના ગુન્હાઓનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ.

(૨) આ કામે આરોપીને સમન્સ બજવાના તબકકે મુળ ફરિયાદીને નોટીસથી જાણ કરતા સદરહુ ફરિયાદી હાજર થયેલ છે અને આંક–૪ થી સમાધાન પુરસીસ રજૂ કરી તેઓને આ કામ આગળ ચલાવવું ન હોય જેથી સમાધાન નોંધવા અરજ કરેલ છે. જે તેઓને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવતા, સમાધાન સ્વૈચ્છાએ તેમજ રાજીખુશીથી કબૂલ મંજૂર રાખતા હોય અને આંક–૫ થી મુળ ફરિયાદીએ કલોઝીંગ પુરસીસ રજૂ રાખેલ હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૨૦(૧)(૮) મુજબ સદરહુ સમાધાન મંજૂર રાખવાનું ન્યાયોચિત જણાય છે તેમજ આરોપી સામેનો આક્ષેપ ધ્યાને લેતા સમાધાનપાત્ર ગુન્હાનો આક્ષેપ હોય અને સદરહુ ગુન્હામાં

સમાધાન થયેલ હોય જેથી હવે આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાપણું રહેતું ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુ ક મ //

(૧) આ કામના આરોપી અજરૂદીન ઉર્ફે ફિરોજ નિઝામુંદિન અલ્લાબક્ષ શેખ રહે. સરખેજ, અમદાવાદ વાળાને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૨૦ (૧)અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવા નો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આંક–૨ ની મુદામાલ પાવતીની વિગતે કબજે મુદામાલ ફરીયાદીને સોંપવાનો વચગાળાનો હુકમ આથી બિનશરતી કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૦,માહે જુલાઈ, ૨૦૨૧ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૦/૦૭/૨૦૨૧
સ્થળ:–અમદાવાદ(ગ્રામ્ય)

**(અશ્વિન છગનભાઈ સખીયા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અમદાવાદ(ગ્રામ્ય)
**U.I.Code No. GJ01418**